### ધોરાવમાં ગટરલાઇનનું કામ કરવાનું હતું, સરકારી નાણાંની ગેરરીતિ- તપાસમાં વિલંબ અંગે PMને રજૂઆત

# સોમજીપુરા ગ્રા.પં.માં કામ કર્યા વિના જ લાખોની ચૂકવણી!

### રૂ.3.25 લાખની ચૂકવણી કરી દેવાયાના આક્ષેપ સાથે સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માગ

ભાસ્કર ન્યૂઝ | પાદરા

પાદરા તાલુકાના સોમજીપુરા ગ્રામ પંચાયતના ધોરાવ ગામ વિસ્તારમાં ગટરલાઈનનું કામ કર્યા વગર સરકારી નાણાંની ચુકવણી કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ ઉઠી છે. પાદરાના સોમજીપુરા ગામના નગીનભાઈ વાઘેલા દ્વારા વડાપ્રધાન, પ્રધાનમંત્રી કાર્યાલય, નવી દિલ્હી સમક્ષ કરાયેલી રજૂઆતમાં જણાવાયા મુજબ ધોરાવ ગામ વિસ્તારમાં રમણભાઈ પઢિયારના ઘરથી મહેશભાઈ માળીના ઘર તરફ તેમજ દિનેશભાઈના ઘરથી વાદરી તળાવ સુધી ગટરલાઈનનું કામ અંદાજિત રૂ.3.25 લાખના ખર્ચે મંજૂર કરાયું હતું.

રજૂઆત મુજબ આ કામને તા.1 માર્ચે વહીવટી મંજૂરી હુકમ તથા તા.2 ઓક્ટોબર 2025ના ગ્રામ પંચાયતના ઠરાવના આધારે હાથ ધરવાનું હતું. જોકે ફરિયાદીના આક્ષેપ મુજબ સ્થળ પર ગટરલાઈનનું કામ થયું નથી અથવા અધૂરું છે, તેમ છતાં વિવિધ તારીખે સરકારી નાણાંની ચૂકવણી કરવામાં આવી છે.

ફરિયાદમાં તા.1 જૂને રૂ.3,250, રૂ.2,04,955, રૂ.78,985, રૂ.4,183 અને રૂ.1,127 તેમજ તા.2 જૂને રૂ.32,500ની ચૂકવણી થયાનો ઉલ્લેખ કરાયો છે. આ મામલે તા.6 જુલાઈએ સોમજીપુરા ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા તાલુકા વિકાસ અધિકારી, પાદરા સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી હોવા છતાં કોઈ જ અસરકારક કાર્યવાહી નહીં થઇ હોવાનો આક્ષેપ કરાયો છે.

ફરિયાદમાં સરપંચ અને તલાટી કમ મંત્રી ઉપરાંત તા.પં.ની બાંધકામ શાખાના સંબંધિત ઈજનેરો તથા અધિકારીઓની ભૂમિકા અંગે પણ તપાસ કરવાની માંગ કરાઈ છે. કામની ચૂકવણી પહેલાં સ્થળ તપાસ, માપપુસ્તિકા, ગુણવત્તા ચકાસણી અને કાર્ય પૂર્ણતાના પ્રમાણપત્ર સહિતના દસ્તાવેજોની ચકાસણી કરાઈ હતી કે કેમ તે તપાસવા રજૂઆત કરાઈ છે. ગેરરીતિ સાબિત થાય તો જવાબદાર વ્યક્તિઓ પાસેથી રકમ વસૂલ કરી વિભાગીય તથા ફોજદારી કાર્યવાહી કરવાની પણ માંગ કરાઈ છે. સાથે સાથે ગ્રામ પંચાયતોની ખાતાકીય તપાસો અને અધિકારીઓ સામેની ફરિયાદોમાં તપાસ દબાવાઈ છે કે કેમ તેની પણ ઉચ્ચસ્તરીય તપાસ કરાવવા રજૂઆત થઇ છે.

### ભરૂચ તરફથી કાપડ ભરીને ટેમ્પો વડોદરા તરફ આવતો હતો

# પાલેજથી કરજણ વચ્ચે કાપડ ભરેલો ટેમ્પો આગમાં સ્વાહા

પાલેજથી કરજણ વચ્ચે કાપડ ભરેલા ટેમ્પોમાં ભીષણ આગ લાગી હતી.

ભાસ્કર ન્યૂઝ | કરજણ

નેશનલ હાઈવે નંબર 48 પર ગુરુવારે રાત્રીના પાલેજથી કરજણ તરફ આવતાં સાગર હોટલ પાસે કાપડ ભરેલ એક આઈસર ટેમ્પોમાં અગમ્ય કારણસર આગ લાગતાં અફરાતફરી મચી હતી. ઘટનાના પગલે ટ્રાફિક જામ થયો હતો. આ અંગે કરજણ ફાયર વિભાગને જાણ કરાતાં ફાયબ્રિગેડના કર્મીઓએ આવી મહામુસીબતે આગ પર કાબૂ મેળવ્યો હતો.

ભરૂચ તરફથી કાપડ ભરીને નેશનલ હાઈવે પર વડોદરા તરફ ગત રાત્રીના પસાર થતા એક આઈશર ટેમ્પોમાં, વલણ ગામની સીમમાં સાગર હોટલ નજીકથી પસાર થતી વખતે અગમ્ય કારણોસર આગ લાગી હતી. ચાલક સમયસર ટેમ્પોને રોડની બાજુમાં ઊભો રાખીને નીચે ઉતરી જતાં બચી ગયો હતો.

આ સમયે વાહન ચાલકો મદદે દોડી આવ્યા હતા પરંતુ આગની જ્વાળાઓ એટલી પ્રચંડ હતી કે તેની નજીક જવું પણ જીવનું જોખમ હતું. ઘટનાને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો. બનાવની જાણ કરજણ ફાયબ્રિગેડને કરાતાં ફાયબ્રિગેડના કર્મીઓએ આવી પાણીનો ભારે મારો ચલાવીને આગ પર મહામુસીબતે કાબૂ મેળવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં ટેમ્પોમાં અને ભરેલ કાપડમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું હતું.

### દર્દીઓની ભીડથી ક્લિનિકો અને દવાખાના ઉભરાયા

# બોડેલીમાં ખાસી-શરદી અને વાયરલ ઈન્ફેક્શનનો વાવર

ભાસ્કર ન્યૂઝ | બોડેલી

બોડેલી વિસ્તારમાં ચોમાસામાં પણ પડી રહેલી આકરી ગરમીને લઈને નાગરિકો ખાસી શરદી તાવ સહિત વાઈરલ ઈન્જેક્શનનો શિકાર બની રહ્યા હોય બોડેલીના તમામ નાના મોટા દવાખાના અને ક્લિનિકો દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

વરસાદી ઋતુમાં બોડેલી વિસ્તારમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડીના કારણે વાતાવરણમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. તેના પગલે શરદી, ખાંસી, તાવ અને માથાના દુખાવા જેવી વાયરલ બીમારીની ફરિયાદો સાથે દવાખાનાઓ અને ખાનગી ક્લિનિકોમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. બોડેલીના નાના-મોટા દવાખાના તથા ક્લિનિકોમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને બદલાતા વાતાવરણના કારણે વાયરલ ઈન્ફેક્શનની અસર વધુ જોવા મળી રહી હોવાનું તબીબો જણાવી રહ્યા છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડકના કારણે લોકોના આરોગ્ય પર અસર થઈ રહી છે. આ સ્થિતિ વચ્ચે ખાણીપીણીની લારીઓ તથા અન્ય સ્થળોએ સ્વચ્છતા અને શુદ્ધતા જળવાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી તપાસ અને તકેદારી રાખવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### નવા હોદ્દેદારો માટે ડિરેક્ટરો વચ્ચે હોડ જામે તેવી ચર્ચાતી શક્યતા

# સંખેડા એપીએમસીમાં ચેરમેન- વાઈસ ચેરમેનની મુદત પૂર્ણ, છતાં કાર્યવાહી નહીં

ભાસ્કર ન્યૂઝ | સંખેડા

સંખેડા ખેતી ઉત્પન્ન બજાર સમિતિમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની પ્રથમ અઢી વર્ષની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં, નવી ચૂંટણી યોજવા માટે સહકારી વિભાગ કે વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી કોઈ જ કાર્યવાહી શરૂ કરાઈ નથી. હાલમાં સંખેડા એપીએમસીમાં ભૌમિક દેસાઈ ચેરમેન અને સંજય દેસાઈ વાઈસ ચેરમેન તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. સંખેડા એપીએમસી બોર્ડમાં કુલ 16 ડિરેક્ટર્સ છે, જેમાં ખેડૂત વિભાગના 10, વેપારી વિભાગના 4 અને મંડળી વિભાગના 2 ડિરેક્ટર્સનો સમાવેશ થાય છે. આ 16માંથી 3 ડિરેક્ટર્સ કોંગ્રેસ પક્ષના છે, એક આમ આદમી પાર્ટીના અને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલ એક ડિરેક્ટર છે. આગામી દિવસોમાં એપીએમસીમાં અનેક બાંધકામલક્ષી મલાઈદાર કામો આવે એવી શક્યતા હોઈ, ચેરમેન અને વાઈસ ચેરમેન બનવા માટે ડિરેક્ટરોમાં ભારે હોડ જામે એવી શક્યતા પણ ચર્ચાઈ રહી છે. ત્યારે હવે સત્તાધારી પક્ષ પોતાના મેન્ડેટ આપીને ચેરમેન-વાઈસ ચેરમેન બનાવશે કે પછી ડિરેક્ટરો ભેગા મળીને સર્વાનુમતે નિમણૂક કરશે, અથવા તો વર્તમાન હોદ્દેદારોને જ યથાવત રખાશે, તે અંગે રાજકીય ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

### બોડેલીમાં ગણેશજીની પ્રતિમાઓ લેવા યુવક મંડળોનો જમાવડો



**બોડેલી** | ગણેશોત્સવનો સોમવારથી મંગલ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે બોડેલીમાં છોટાઉદેપુર રોડ પર ઠેરઠેર ગણેશજીની નાની મોટી પ્રતિમાઓ લેવા માટે યુવક મંડળોનો જમાવડો જોવા મળી રહ્યો છે. બોડેલી વિસ્તારમાં 50 જેટલા સ્થળે ગણેશ મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે. હવે ગણેશજીની વાજતે ગાજતે આગમન યાત્રાનો ટ્રેન્ડ શહેરોથી માંડી નગરો અને ગામડાઓમાં જોવા મળી રહ્યો છે. છોટાઉદેપુર રોડ પર ઠેરઠેર ગણેશજીની પ્રતિમાઓ લઈને વેચાણ કર્તાઓ તંબુ તાણી બેઠા છે. સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના ગામોમાંથી બોડેલી ગણેશજીની પ્રતિમા લેવા યુવકો આવી રહ્યા છે જેથી જાહેરમાર્ગો બાપ્પા મોરિયાના નાદથી ગુંજી રહ્યા છે.

### કરજણના ઓસલામ ગામમાં 12મા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

ભાસ્કર ન્યૂઝ | કરજણ

કરજણ તાલુકાના ઓસલામ ગામે સેવાસેતુના 12મા તબક્કાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઓસલામ, અટાલી, દેથાણ અને લાકોદરા ગામના મોટી સંખ્યામાં નાગરિકો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ તથા સરકારી સેવાઓનો લાભ નાગરિકોને ઘરઆંગણે મળી રહે તે માટે યોજાયેલા આ કેમ્પમાં વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા નાગરિકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પ દરમિયાન નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓ અંગે માહિતી અપાઈ હતી.

### ગટર ઉભરાતા ગંદકી અને જળબંબાકારથી લોકો ત્રસ્ત, નવી ગટર બનાવવાની માગણી

# પીપોદરા અને કીમ સર્વિસ રોડ પર બિસ્માર બોક્સ ગટરના કારણે અકસ્માતને આમંત્રણ

ભાસ્કર ન્યૂઝ | કોસંબા

માંગરોળ તાલુકાના પીપોદરાથી કીમ ચાર રસ્તા વચ્ચે નેશનલ હાઈવેના 48ના સર્વિસ રોડની બાજુમાં આવેલી વર્ષો જૂની બોક્સ ગટર હાલ અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાઈ ગઈ છે. ગટર પર ઢાળવામાં આવેલો કોંક્રીટ સ્લેબ ઠેર-ઠેરથી તૂટી જતાં રાહદારીઓ અને વાહનચાલકો માટે જીવલેણ અકસ્માતનું મોટું જોખમ ઊભું થયું છે. સ્લેબ તૂટતા ગટરમાં કચરો અને કાટમાળ પુરાઈ જતાં પાણી વહન કરવાની ક્ષમતા પર ગંભીર અસર પડી છે.

આ પરિસ્થિતિને કારણે ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં માર્ગો પર જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. આ ઉપરાંત, આસપાસના દુકાનદારો તેમજ નાના ઔદ્યોગિક એકમો દ્વારા ગેરકાયદેસર રીતે દૂષિત પાણીના સીધા કનેક્શન આ બોક્સ ગટરમાં જોડી દેવાયા છે. ગટર અંદરથી ચોકઅપ હોવાથી આ ગંદુ પાણી ઉભરાઈને રોડ પર ફરી વળે છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં ભારે દુર્ગંધ અને અસહ્ય ગંદકી ફેલાઈ રહી છે.

કીમ પીપોદરા વચ્ચે સર્વિસ રોડની તૂટેલી ગટર.

સ્થાનિક રહીશો અને વાહનચાલકોની પ્રબળ માંગ છે કે તંત્ર આ મામલે તાત્કાલિક સંજ્ઞાન લઈ વર્ષો જૂની આ બોક્સ ગટરને તોડીને નવી મજબૂત ગટરનું નિર્માણ કરે. સાથોસાથ ગટરમાં છોડવામાં આવેલા ગેરકાયદે કનેક્શનો કાયમી ધોરણે બંધ કરાવવામાં આવે, જેથી વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે અને સંભવિત અકસ્માતો નિવારી શકાય. તંત્ર દ્વારા વહેલી તકે આ કામગીરી હાથ ધરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે.

### બોડેલીમાં 10 સ્થળે ક્રેડિટ સોસાયટી માટેની ચૂંટણી યોજાઈ

ભાસ્કર ન્યૂઝ | બોડેલી

વડોદરા એસટી વિભાગ ક્રેડિટ સોસાયટીની દર પાંચ વર્ષે યોજાતી 9 ડાયરેક્ટરોની ચૂંટણી માટે બોડેલી સહિત 10 સ્થળે થયેલા મતદાનમાં 1440 જેટલા મતદારો એ ઉત્સાહ ભેર મતદાન કર્યું હતું.

એક તરફ કર્મચારી મંડળ અને ભારતીય મજદૂર સંઘની સંયુક્ત પેનલ છે ત્યારે સામે મજૂર મહાજન યુનિયનની પેનલ છે. કુલ 18 ઉમેદવારો માટે 1440 જેટલા મતદારો નોંધાયેલા છે, જે એસટી કર્મચારીઓ ક્રેડિટ સોસાયટીના સભાસદ બન્યા છે. બોડેલી, છોટાઉદેપુર, ડભોઈ, વાઘોડિયા, પાદરા, કરજણ, સાવલી, રેસકોર્સ વર્કશોપ, પાણીગેટ ડેપો વિગેરે સ્થળે મતદાન થયું હતું.


**ભાસ્કર classified**

એનાઉન્સમેન્ટ announcement

નામ પરીવર્તન

**મારૂ જુનુ નામ પટેલ અલી** મોહમદ હતુ. જે બદલીને નવુ નામ અલી મોહમદ મકકન કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સરનામું: વાંટા સ્ટ્રીટ, મુ. પો. પરીએજ, ભરૂચ, ગુજરાત- ૩૯૨૦૨૦

**મારૂ જુનું નામ હારૂનરશીદ** મહમદ સુલેમાન મુન્શી હતુ જે બદલીને નવું નામ હારૂનરસીદ મહંમદ મુન્શી કરેલ છે. સરનામું: ૧૬, નવી વસાહત, દશાન, ભરૂચ- ૩૯૨૦૧૨.

**પાસપોર્ટ ખોવાયેલ છે.**

**હું હસન ઈસ્માઈલ કન્યા રહે. ઉંડી ફળીયુ, સીતપોણ, તા.જી. ભરૂચ. મારો પાસપોર્ટ નં. S1451193 છે. સદર પાસપોર્ટ તા. ૨૨-૦૮-૨૦૨૬ ના રોજ જુના ઘરેથી નવા ઘરમાં સામાન શિફ્ટ કરતી વખતે પાસપોર્ટ સાથે જરૂરી ડોકયુમેન્ટની થેલી રસ્તામાં કયાંક પડી ગયેલ છે. જેની ઘણી શોધખોળ કરવા છતાં આજદિન સુધી મળી આવેલ નથી. જે કોઈને મળે નીચેના નંબર પર જાણ કરવા વિનંતી છે.**

**9714130934**

**આદર્શ પ્રાથમિક મિશ્રશાળા, કંબોલી મુ.પો. કંબોલી, તા.જિ. ભરૂચ.**

**જાહેર હરાજી**

**પ્રા.શાળા કંબોલી, તા.જિ. ભરૂચના મેદાનમાં આવેલ જર્જરિત પાકા બનાવેલ બે માળના હોલની હરાજી તા. ૨૧-૦૯-૨૦૨૬ ને સોમવારના રોજ પ્રા.શાળા કંબોલી, તા.જિ. ભરૂચના કાર્યાલયમાં બપોરના ૧૨:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા વ્યકિતઓ હાજર રહેવા જાણ કરવામાં આવે છે.**

**અપસેટ કિંમત : ૩૦,૦૦૦/- રૂપિયા**

**હરાજીના નિયમો :-**
- હરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ ૧૦,૦૦૦/- (દસ હજાર) રૂપિયા ડિપોઝીટ જમા કરાવવાની રહેશે.
- વધુમાં વધુ બોલી લગાવનારને કામ સોંપવામાં આવશે.
- વધુ બોલી વાળા કે જેને જર્જરિત હોલ ઉતારવાનું કામ મળશે તેને વધુમાં વધુ દિન-૭ માં જગ્યા ચોખ્ખી કરી આપવાની રહેશે.
- નક્કી કરેલી રકમ દિન-૩ માં જમા કરાવવાની રહેશે. (ડિપોઝીટની રકમ અલગ)
- સંપૂર્ણ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયેથી ડિપોઝીટ પરત કરવામાં આવશે.
- હોલ ઉતારતાં કોઈ નુકસાન થાય તો તેની ભરપાય કરવાની રહેશે.

SMC, કંબોલી — આચાર્યશ્રી, પ્રાથમિક શાળા કંબોલી

**ધી ભરૂચ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડયુસર્સ યુનિયન લિ. 'દૂધધારા ડેરી'**
જુના ને. હાઈવે - ૮, પો.બો.નં.- ૨૯, (ભોલાવ) ભરૂચ

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી સંઘની તમામ સભ્ય સભાસદ મંડળીઓને ખબર આપવામાં આવે છે કે ધી ભરૂચ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનીયન લી. "દૂધધારા ડેરી" ભરૂચની **૬૭મી વાર્ષિક સાધારણ સભા તા.૨૬/૦૯/૨૦૨૬ને શનિવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે** "દૂધધારા ડેરી, ભોલાવ, ભરૂચ ખાતે મળશે. તો સભામાં સમયસર હાજર રહેવા સંઘ સભાસદ મંડળીઓને વિનંતી છે. વાર્ષિક અહેવાલ, હિસાબ અને કાર્યસૂચિ સભાસદ મંડળીઓને પહોંચાડવામાં આવેલ છે, તેમ છતાં જો કોઈ સભાસદ મંડળીને વાર્ષિક અહેવાલ, હિસાબ અને કાર્યસૂચિ મળી ન હોય તો સંઘની ઓફીસેથી મેળવી લેવા જણાવવામાં આવે છે. જેની સભાસદ મંડળીઓએ નોંધ લેવી.

ભરૂચ
તા. ૧૧/૦૯/૨૦૨૬

મેનેજીંગ કમિટીના આદેશથી
(એન. એમ. પટેલ)
મેનેજીંગ ડિરેક્ટર

નોંધ :- હિસાબી અને અન્ય સંલગ્ન કોઈ પ્રશ્નો હોય તો સભા મળવાના પાંચ દિવસ અગાઉ ઓફીસ કામકાજના સમયમાં સંસ્થાની ઓફીસે લેખિતમાં રજૂ કરી આવીને સમજી જવા વિનંતી છે.

**જાહેર નોટીસ**

આથી અમો એડવોકેટ **પ્રશાંત આર. મહેતા** તે અમારા અસીલ ની સૂચના અન્વયે આજરોજ આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

ડીસ્ટ્રીક્ટ- ભરૂચ તાલુકા-ભરૂચ, મોજે ગામ- તવરાની સીમમાં બ્લોક/રેવન્યુ સર્વે નં.૮૮, ખાતા નં- ૧૨, ક્ષેત્રફળ હે.-આરે.- ચો.મી. ૦-૯૫-૦૦ આકાર-૧૧.૭૫ વાળી જુની શરતની ખેતીની જમીન આવેલ છે. તેના હાલના કબજેદાર-માલીક રેવાબેન અમરસંગ પઢિયાર, કર્લસિંહ અમરસંગ પઢિયાર, ગીતાંજલી બેન અમરસંગ પઢિયાર, પારૂલબેન અમરસંગ પઢિયાર, હર્ષિલ રઘુવીરસિંહ પરમાર, નવ્યાબેન રઘુવીરસિંહ પરમાર છે.આ ખેતીની જમીન તેના માલીકો પાસેથી અમારા અસીલ ખરીદ માંગતા હોય ઉપરોક્ત મિલકત કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ વ્યકિત, બેન્ક,સરકારી કે અર્ધ-સરકારી, ખાનગી સંસ્થા તથા પેઢીનો કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ,હકક-હિસ્સો, હીત, માલીકીહકક, કબજો, ભરણ પોષણ, બોજો ,ટીવન વિગેરે હોય તો તેઓએ તે હકક બાબતે દસ્તાવેજી પુરાવા સહિત દિન-૭ માં અમારા નીચેના સરનામે રૂબરૂ કે રજી.પો.એ.ડીથી મોકલી આપવા. જો મુદતની અંદર માલીકી કબજા અંગે હકક- દાવો , વાંધો કે તકરાર રજૂ કરવામાં નહી આવે તો, સદરહું મિલકત પર કોઈનો કોઈ હકક, હિત, સંબંધ નથી તેમ ગણી અથવા તેવા હકક સ્વેચ્છીક રીતે છોડી દીધેલ છે તેમ સમજી અમારા અસીલ સદર જમીન બાબતે આગળની કાર્યવાહી કરશે ત્યારબાદ કોઈની કોઈ પણ તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ:-૩૦૫,ત્રીજો માળ, શિલ્પી સીગ્નેચર, ડીસ્ટ્રીક્ટ કોર્ટની સામે,ભરૂચ. મો.૯૪૨૮૬૮૬૨૦૩,૯૧૦૬૨૩૬૨૯૦

અમારા અસીલ સુચના અને ફરમાઈશથી
પ્રશાંત આર.મહેતા
(એડવોકેટ એન્ડ નોટરી)

**જાહેર નોટીસ**

આથી અમો **એડવોકેટ નિતીન આઈ. વકીલ** તે **અમારા અસીલ વોહરા ફરિદાબેન મહમદશરીફ** (Vhora Faridaben Mahammadsharif) **રહે.૧૩૩/૨૨,ગુલસને મખદુમ સોસાયટી,મકતમપુર,ભરૂચ** નાઓએ આપેલ સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ થી લાગતા-વળગતા તમામ ને જણાવીએ છીએ કે, નીચે પરીશિષ્ટમા જણાવેલ **મિલકતના માલીક હારૂનરશીદ ઐયુબભાઈ પટેલે તા.૧૬/૦૩/૨૦૧૨ ના રોજ રજી. દસ્તાવેજ નં. ૩૧૪૮/૨૦૧૨ થી** Plot No. A/111 admeasuring 250.32 sq. mts. **વેચાણ રાખેલ છે.** પરીશિષ્ટમાં જણાવેલ મીલકત નો અડધો ભાગ છે જેથી **દસ્તાવેજ નં. તા.૧૬/૦૩/૨૦૧૨ ના રોજ રજી. દસ્તાવેજ નં. ૩૧૪૮/૨૦૧૨ માલીક હારૂનરશીદ ઐયુબભાઈ પટેલ ના કબ્જા માં છે.** સદરહુ આ નોટીસ આપી જણાવીએ છીએ કે સદર મિલ્કત અંગે કોઈને પણ કોઈ પણ પ્રકારની તકરાર,હકક,હિસ્સો કે બોજો અંતરાય, તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે થી જરૂરી દસ્તાવેજી પુરાવા સહીત લેખીતમાં **દિન-૭** માં વાંધો રજુ કરવો, મુદત દરમ્યાન જો કોઈ લેખીતમાં વાંધા રજુ ન થશે તો કોઈ વાંધો કે તકરાર નથી એમ સમજી અમારા અસીલને **ટાઈટલ કલીયરન્સ સર્ટી તથા તેને લગતું એન. ઓ.સી. આપી દેવામાં આવશે** અને મુદત વિત્યે કોઈ તકરાર ચાલશે નહી. જેથી લાગતા વળગતા એ નોંધ લેવી.

**પરીશિષ્ટ :** The Property Bearing Plot No. A/111 admeasuring 250.32 sq. mts., Paiki West To East Side Plot No. 111/1, A 111/2, Paiki Sub-Plot No. A 111/1 admeasuring 120.81 sq. mts., in, "Ahmad Nagar Society", Situate at Block/Survey No. 141 Paiki, of Moje Dungari, Ta, Bharuch, Dist. Bharuch.

તા.૧૧-૦૯-૨૦૨૬ અસીલ ની સુચના અને ફરમાઈશથી અમારા મારફતે સ્થળઃ અંકલેશ્વર
**નિતીન આઈ.વકીલ (એડવોકેટ) નયના એન. વકીલ**
ઓફીસઃએસ/એફ-૧૮, સાંઈ ગોલ્ડન ટ્રેડ સેન્ટર, અંકલેશ્વર.મો.૯૯૨૫૦૪૯૯૮૭

**જાહેર નોટીસ** — અરજદાર તર્ફે વ.શ્રી જે. જે. વસાવા

**મહેરબાન ડેડીયાપાડાના એડી. ચીફ જયુડી.મેજી. એન.સી.જાદવ સાહેબની કોર્ટમાં, જિ. નર્મદા.**

**ફિ.પ.અ.નં. ૧૦૫/૨૦૨૬ મુ.તા. ૦૭/૧૧/૨૦૨૬**

| અરજદાર | | સામાવાળા |
|---|---|---|
| પ્રતાપભાઈ રામસીંગભાઈ વસાવા રહે. પીપલાકંકાલા, તા. ડેડીયાપાડા, જી. નર્મદા | વિરૂધ્ધ | તલાટી કમ મંત્રીશ્રી જન્મ મરણ નોંધણી રજીસ્ટાર, ઠે. ગ્રુપ ગ્રામ પંચાયત પાનસર, તા. ડેડીયાપાડા, જી. નર્મદા |

**આ કામના અરજદાર પ્રતાપભાઈ રામસીંગભાઈ વસાવાએ તેમના પુત્ર નામે શ્રેયસભાઈ પ્રતાપભાઈ વસાવાનાઓનું જન્મ તારીખ : ૧૩-૦૨-૨૦૨૧ ના રોજ ગામ પીપલાકંકાલા, તા. ડેડીયાપાડા, જી. નર્મદા મુકામે થયેલ છે. જે અંગેની નોંધણી કરાવવા હાલની અરજ ગુજારેલ છે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે સદર જન્મની નોંધ સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેઓ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટ સમક્ષ રૂબરૂ અથવા મુખત્યાર મારફત હાજર થઈ લેખીતમાં વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈ - લેખીત વાંધા આવશે નહી તો અરજદારે માંગ્યા મુજબના જન્મની નોંધ બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.**

**આજરોજ તા. ૧૦-૦૯-૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરીને આપ્યો.**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી (રજીસ્ટ્રાર) |
|---|---|---|---|
| એમ.વી.કાપડિયા આસિસ્ટન્ટ | કે. જે. પરમાર બોર્ડ કલાર્ક | | એડિ.ચીફ જયુડી.કોર્ટ તા. ડેડીયાપાડા, જી. નર્મદા. |

**જાહેર નોટીસ** — **શ્રી સી.એન.કામોલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ડેડીયાપાડાની કોર્ટમાં**

**જન્મ-મરણ કેસ નં. ૬૬/૨૦૨૬**

**વિવાદી :- બામણીબેન વિજયભાઈ વસાવા**
**રહે. વાઘઉંમર, તા. ડેડીયાપાડા, જી. નર્મદા.**

**પ્રતિવાદી :- તલાટી કમ મંત્રીશ્રી, વાઘઉંમર ગ્રુપ ગ્રામ પંચાયત, વાઘઉંમર, તા.ડેડીયાપાડા, જી.નર્મદા.**

**જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

**આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત નંબરના કેસમાં, અનિકાબેન વિજયભાઈ વસાવા જન્મ તારીખ ૦૭-૦૧-૨૦૧૭ ના રોજ મોજે વાઘઉંમર, તા.ડેડીયાપાડા, જિ.નર્મદા ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.**

**પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ત.ક. મંત્રીશ્રી ગ્રામ પંચાયત, વાઘઉંમરના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામ પંચાયત, વાઘઉંમરને હુકમ કરવા ઉપરોકત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી, વાઘઉંમર ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.**

**આજ તા. ૦૯-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.**

કોર્ટનો સિક્કો
**હુકમથી, (સી.એન.કામોલ)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ડેડીયાપાડા**

**HDFC BANK**

હેડ ઓફિસઃ એચડીએફસી બેંક લિ., એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦૦૧૩
રિજનલ ઓફિસઃ એચડીએફસી બેંક લી. : ડિપાર્ટમેન્ટ ફોર સ્પેશ્યલ ઓપરેશન્સ, બિલ્ડિંગ-બી, વિંગ-સી, ૧૧મો માળ, સ્વસ્તિક યુનિવર્સલ, સુરત સેન્ટ્રલ મોલ સામે, વેલેન્ટાઈન સિનેમા પાછળ, ડુમસ રોડ, સુરત – ૩૯૫૦૦૭

**વેચાણ નોટીસ**

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી / ખાનગી સંધિ દ્વારા જાહેર સૂચના**

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ સાથે વંચાણે લેતા બેંકને મોર્ટગેજ સ્થાવર મિલકતો માટે ઈ-હરાજીથી વેચાણની નોટિસ.**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર / મોર્ટગેજર / બાંયધરી આપનારને સૂચના આપવામાં આવે છે કે, એચડીએફસી બેંક લિ. ના અધિકૃત અધિકારી(ઓ), નીચેના લોન ખાતાઓમાં સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલી નોટિસો(ઓ)ની માંગણીના અનુસંધાનમાં, ઉલ્લેખિત નીચેની મિલકત/ઓનો પ્રત્યક્ષ કબજો લીધો હતો. બેંકના લેણાં વત્તા વ્યાજની વસૂલાત માટે "જેમ છે ત્યાં જેવું છે, જેવું છે, જે છે અને આશ્રય વિના" પર તેને વેચવાની અધિકાર અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકીની ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે ક્વાયતમાં નીચે હસ્તાક્ષરિત આ અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળ આપવામાં આવેલી સત્તા, ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલી મિલકત/ઓનાં વેચાણ દ્વારા બેંકના લેણાંની વસૂલાત કરવાનો દરખાસ્ત કરે છે. નીચે દર્શાવેલ મિલકતોનું વેચાણ વેબ પોર્ટલ દ્વારા ઈ-ઓક્શન હાથ ધરવામાં આવશે: **https:// https://www.bankeauctions.com.**

| શાખાનું નામ અને ખાતા નંબર | મિલકતના ગિરવેદાર અને જામીનદારનું નામ | કોલેટરલ મિલકતો ની વિગતો | અનામત કિંમત / ઈએમડી / બિડ વધારો રૂ. | નિરીક્ષણની તારીખ અને સમય | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| એચડીએફસી બેંક લિ., શાખા - ઓઢવ, એરોકેમ ઈન્ડિયા, ખાતા નં. ૫૦૨૦૦૦૩૪૪૪૨૬૭૬ | મેસર્સ એરોકેમ ઈન્ડિયા (ભાગીદારી) જામીનદાર અને ગિરવેદાર: શ્રી મહેશભાઈ જસમતભાઈ લાંગણેચા જામીનદાર: શ્રી નરેશભાઈ જસમતભાઈ લાંગણેચા | શ્રી મહેશભાઈ લાંગણેચાની માલિકીની ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૬૨૭/૩, ક્ષેત્રફળ એરિયા ૬૦૦.૦૦ સ્કે. મીટર્સ સર્વે નં. ૧૧૩/પી અને ૧૧૪/પી ગામ પાલેજ, તાલુકા અને ડિસ્ટ્રીક્ટ ભરૂચ ખાતેની સમગ્ર મિલકત જેની ચતુઃસીમા: ૨૦.૦૦ મી. રોડ, દક્ષિણે: ૧૬.૦૦ મી. રોડ, પૂર્વે: પ્લોટ નં. ૬૨૭/૪, પશ્ચિમે: પ્લોટ નં. ૬૨૭/૨. | રૂ.૬૯,૦૦,૦૦૦/- / રૂ.૬,૯૦,૦૦૦/- / રૂ.૧૦,૦૦૦/- | ૨૫.૦૯.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી | ૩૦.૦૯.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી બપોરે ૦૨.૦૦ કલાકે; ઈએમડી સાથે બિડ પ્રાપ્તિની છેલ્લી તારીખ ૨૮.૦૯.૨૦૨૬ના સાંજે ૫ કલાક સુધી |

| માંગણા નોટિસ પ્રમાણે રકમ / માંગણા નોટિસ તારીખ | અધિકૃત અધિકારીનું નામ / ફોન નં. / ઈ-મેલ આઈડી |
|---|---|
| રૂ.૧,૦૪,૨૮,૧૬૭.૨૧/-, માંગણા નોટિસ તા. ૨૪.૦૨.૨૦૨૦ | અશોક મહેમિયા / ૦૯૮૯૮૦૪૯૯૬૮ / ashok.mehmia@hdfc.bank.in |

નિયમો અને શરતો :-
૧. ઈ-હરાજી "જેમ છે ત્યાં, જે છે તે , જે છે તે છે, અને આશ્રય વિનાના ધોરણે" યોજાશે.
૨. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુકોએ તેમની ઈએમડીની વિગત તથા દસ્તાવેજો વેબ પોર્ટલ https://www.bankeauctions.com (યુઝર આઈડી અને પાસવર્ડ વિના મૂલ્યે https://www.bankeauctions.com પર રજીસ્ટર્ડ કરવાથી મળી શકશે) થકી લોગીન આઈડી અને પાસવર્ડ દ્વારા મોકલવાના રહેશે. ઈએમડીની ચૂકવણી NEFT / RTGS દ્વારા નીચે દર્શાવેલ એકાઉન્ટમાં કરવાની રહેશે. ખાતા નં. ૫૭૫૦૦૦૦૦૯૦૪૨૫૧, ખાતાનું નામઃ DFSO Transitory account, ખાતા ધારકનું નામ: HDFC BANK LTD., IFSC Code: HDFC0000240. ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટથી ઈએમડીની રકમ સ્વીકારવામાં આવશે નહીં તેની નોંધ લેવી.
૩. અધિકૃત અધિકારીની જાણ મુજબ તથા માહિતી અનુસાર કોઈપણ જાતના બોજા જેમ કે કાયદાકીય બાકી જેમ કે મિલકત વેરો સોસાયટીની બાકી વિ. બેંકના રેકર્ડ મુજબ મિલકત ઉપર નથી સિવાય કે એક લીઝ હોલ્ડ અધિકાર સિવાયની મિલકત જે વિગતવાર શરતો અને નિયમોમાં જણાવેલ છે તે છતાં પણ બેંક કોઈપણ ચાલુ / પાછળના / ભવિષ્યની બાકી જેમ કે બિન કાયદાકીય બાકી / કાયદાકીય બાકી / બોજો / ટેકસની બાકી / દાવાઓ, જે કોઈ હોય તેને માટે જવાબદાર રહેશે નહીં. ઈચ્છુક બોલીકારે પોતાની જાતે વ્યક્તિગત રીતે બોજા / મિલકતના ટાઈટલ અંગે ચકાસણી કરવાની અને પોતાની રીતે સંતોષ થાય તેમ કરવાનું રહેશે. **મિલકતનું નિરીક્ષણ ઉપર દર્શાવેલ તારીખ અને સમય અનુસાર જ કરવાનું રહેશે.**
૪. ઈચ્છુક બીડર જેમણે ઈએમડી જમા કરાવેલ છે, તેમને લોગીન આઈડી અને પાસવર્ડ, ડેટા અપલોડ કરવા, બિડ ભરવા, ઈ-બિડિંગ માટે પ્રશિક્ષણની જરૂર હોય તો તેઓ સેવા પ્રદાન કરનાર **M/s. C1 India Pvt. Ltd.**, ૩જો માળ, પ્લોટ નં. ૬૮, સેકટર ૪૪, ગુડગાંવ, હરિયાણા – ૧૨૨૦૦૩નો સંપર્ક કરવો. સપોર્ટ મોબાઈલ નં.: ૭૨૯૧૯૮૧૧૨૪ / ૧૧૨૫ / ૧૧૨૬, શ્રી ભાવિક પંડ્યા : ૦૮૮૬૬૬૮૨૦૩૭. ઈ-મેલ આઈડી : support@bankeauctions.com/gujarat@c1india.com. મિલકત અંગેની જાણકારી માટે **ઉપર જણાવેલ અધિકૃત અધિકારીનો** ઓફિસ સમય દરમ્યાન **(સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૫.૦૦)** ઉપરોકત સરનામે સંપર્ક કરી શકે છે.
૫. જો વેચાણ કિંમત રૂ. ૫૦,૦૦,૦૦૦/- (રૂ. પચાસ લાખ પૂરા) થી વધારે હશે તો હરાજીમાં ખરીદનાર / સફળ બોલીકારે વેચાણ કિંમતમાંથી ૧% વેચાણ કિંમતના ટીડીએસ તરીકે મિલકતના માલિકના નામે કાપી લેવાનો રહેશે અને ઈન્કમટેક્સ ખાતાને ઈન્કમટેક્સની ધારા 194 IA મુજબ મોકલવાની રહેશે અને ફક્ત વેચાણ કિંમતના ૯૯% રકમ બેંકમાં ભરવાની રહેશે. ફોર્મ 26QB અને ચલન – ટીડીએસ ભર્યા અંગેનો પુરાવો માટે બેંક વેચાણ સર્ટિફિકેટ ઈસ્યુ કરશે તેની નોંધ લેવી.
૬. સૌથી ઉંચી બોલીકાર **એચડીએફસી બેંક લિમિટેડ** પ્રમાણિત કરે તેને આધીન રહેશે. અધિકૃત અધિકારીને કોઈપણ બીડ / બધી જ બીડ જે કાં મળેલ હશે તે સ્વીકારવી / નામંજૂર કરવાનો અથવા હરાજી / વેચાણ કોઈપણ જાતના કારણ વગર રદ કરવાનો હક છે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
૭. (વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરીને અમારી વેબસાઈટ www.hdfcbank.com અને www.bankeauctions.com ની મુલાકાત લો.

**સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૯(૧) હેઠળ ૧૫ દિવસની નોટીસ**

આ નોટીસ નિયમ ૯(૧) સાથે વંચાણે લેતા સીક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ વાંચવી અને તે દેવાદારો / જામીનદારોને ઉપર જણાવેલ લોન અંતર્ગત યોજવામાં આવેલ ઈ-હરાજી ઉપર જણાવેલ તારીખે રાખેલ છે તેની નોંધ લેવી. દેવાદારો / જામીનદારો / મોર્ટગેજરોને આ સાથે સુચિત કરવામાં આવે છે કે ઉપર જણાવેલ રકમ વત્તા આજ દિન સુધીનું વ્યાજ અને ખર્ચા આ નોટીસના ૧૫ દિવસ પહેલા / હરાજીની તારીખ પહેલા ભરી જવા, જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો મિલકતની હરાજી કરવામાં / વેચાણ કરવામાં આવશે અને બાકી રહેતી લેણી રકમ જે કંઈ હોય તે વ્યાજ અને ખર્ચા સહિત વસુલ કરવામાં આવશે.

**તારીખ : ૧૨.૦૯.૨૦૨૬, સ્થળ : ભરૂચ** — **સહી/- અધિકૃત અધિકારી, એચડીએફસી બેંક લી.**